# રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ

## જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ

### આરોગ્ય શાખા

સત્યમેવ જયતે

જિલ્લા પંચાયત, બ્લોક-૯, બીજો માળ, જિલ્લા સેવા સદન, પાનવાડી વ્યારા જિ.તાપી

ફોન:૦૨૬૨૬- ૨૨૦૪૫૩ Email: ntcp.health.tapi@gmail.com


જીંદગી પસંદ કરો નહીં કે તમાકુ

## તમાકુ નિયંત્રણ અધિનિયમ –૨૦૦૩ (COTPA-2003) અંતર્ગત કામગીરી અંગે માર્ગદર્શક સુચનાઓ

આપને જાણ હશે જ કે તમાકુને લીધે થતા તમામ મૃત્યુ તથા માંદગી અટકાવી શકાય તેમ છે, છતાં :

- વિશ્વમાં તમાકુના વપરાશને કારણે દર વર્ષે ૫૪ લાખ લોકો મૃત્યુ પામે છે.
- ભારતમાં તમાકુના સેવનથી દરરોજ મૃત્યુ પામતા લોકોની સંખ્યા ૨૭૦૦થી વધારે છે.
- ભારતમાં દર વર્ષે ૧૦ લાખથી વધુ લોકો તમાકુના સેવનને કારણે મૃત્યુ પામે છે. આ સંખ્યા એઇડ્સ, ક્ષય રોગ અને મેલેરિયા ત્રણેય રોગોથી મૃત્યુ પામતા લોકોની કુલ સંખ્યા કરતા પણ વધારે છે.
- સમગ્ર વિશ્વમાં ૭૦ કરોડ બાળકોને પેસિવ રીતે તમાકુનો ધુમાડો શ્વાસમાં લેવાની ફરજ પડે છે.
- જો આ પરિસ્થિતિ ચાલુ રહેશે તો તમાકુના લીધે ૨૦૨૦ સુધીમાં બીજા ૧૦ કરોડ લોકો મૃત્યુ પામશે અને તેમાના લગભગ ૮ કરોડ મૃત્યુ ભારત જેવા વિકસતા દેશોમાં થશે.
- સિગારેટમાં ૪૦૦૦થી વધુ કેમિકલ હોય છે.
- તમાકુનો બીજી વ્યક્તિએ કાઢેલો ધુમાડો ૮ થી ૨૦ મીનીટ જેટલો ઓછા સમય સુધી પણ કોઇ વ્યક્તિ શ્વાસમાં લે તો પણ તે હૃદય રોગ અને સ્ટ્રોક સાથે સંકળાયેલી શારિરીક આડઅસરોનો ભોગ બને છે.
- ધુમ્રપાનથી સરેરાશ આયુષ્યમાં ૧૦ વર્ષનો ઘટાડો થાય છે.
- ભારતમાં કેન્સરના ૧૦૦ પૈકી ૪૦ કેસો તમાકુ સાથે સંકળાયેલા હોય છે. મોઢાનાં કેન્સરના લગભગ ૯૫% જેટલા કેસો તમાકુના લીધે થાય છે.
- ગુજરાતમાં તમાકુના ઉપયોગનું પ્રમાણ પુરૂષોમાં ૬૦% અને સ્ત્રીઓમાં ૮.૪% જેટલું છે. (નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-3)
- ૧૩ થી ૧૫ વર્ષના વિદ્યાર્થીઓમાં તમાકુના ઉપયોગનુ પ્રમાણ ૧૯% જેટ્લું છે તેમજ ૧૮% જેટલા વિદ્યાર્થીઓ ૧વર્ષની અંદર તમાકુનું વ્યસન ચાલુ કરશે. (ગ્લોબલ યુથ ટોબેકો સર્વે)
- તમાકુના વ્યસની લોકો પોતાની આવકનો ઘણો ખરો હિસ્સો તમાકુની પાછળ વેડફે છે.
- તમાકુનો વ્યસની તેની ઉંમર કરતા ૧૦ વર્ષ વધુ ઘરડો લાગે છે અને તમાકુથી દૂર રહેતા લોકોથી વર્ષ વહેલો મૃત્યુ પામે છે.
- ગુજરાતમાં થતાં કેન્સરોમાં ૫૧% જેટલા પુરૂષોના કેન્સર અને ૧૭% જેટલા સ્ત્રીઓના કેન્સર તમાકુના લીધે થાય છે.
- તમાકુના લીધે કેન્સર હૃદય રોગ, લકવો, અસ્થમા, ટીબી, નપુંસકતા જેવા ઘણા બધા રોગ થાય છે.

ઉપરોક્ત સઘળી હકીકતો ધ્યાને લઇ , ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીએફએ-૧૦૨૦૦૧-જીઓઆઇ-૫૬-ઝ, તા.૨૪-૦૧-૨૦૦૨ થી જાહેર સ્થળોએ ધુમ્રપાન કરવા / તમાકુ અને ગુટખાના સેવન કરવા પર પ્રતિબંધ જાહેર કરેલ છે. જેના ગુનામાં ઇ.પી.કો.કલમ-૧૮૮ હેઠળ ગુનાને પાત્ર છે.

ભારતીય સંસદે તમાકુ નિયંત્રણ ધારો , **The Cigarettes and Other Tobacco Product (Prohibition of Advertisement and Regulation of Trade and Commerce, Production, Supply and Distribution) Act** 2003 (**COTPA**-2003) ૧૮ મી મે, ૨૦૦૩ ના રોજ પસાર કર્યો અને ૧લી મે, ૨૦૦૪ થી અમલમાં આવ્યો.

**COTPA**-2003 સમગ્ર ભારતમાં તમાકુની તમામ બનાવટોને લાગુ પડે છે. જે અંગેની વિગતો **The Gazette of India, Extraordinary, Part-II, Section-I, New Delhi, May** 19, 2002 **Ministry of Law and Justice (Legislative Department)** માં આપેલી છે.

તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ ( **COTPA**-2003) અંતર્ગત કલમ-૪ ,૫,૬ અને ૭ હેઠળ મુખ્યત્વે કામગીરી નીચે મુજબ છે.

## કલમ-૪ :- જાહેર સ્થળોએ ધુમ્રપાન પર પ્રતિબંધ

જાહેર સ્થળ એટલે એવું સ્થળ જ્યાં લોકો અધિકાર પૂર્વક કે અધિકાર વિના પણ જઇ શકતા હોય અને તેમાં સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, કામનાં સ્થળો, હોસ્પિટલનાં મકાનો, રેલ્વેનો પ્રતિક્ષાખંડ, મનોરંજનના કેન્દ્રો, રેસ્ટોરન્ટ(રીફ્રેશમેન્ટ રૂમ્સ, બેન્ક્વેટ હોલ્સ , ડેસ્કોથેક્સ, કેન્ટીન, કોફી હાઉસ , પબ, બાર, એરપોર્ટ લોન્જ અને એવાં સ્થળો સહિત), સભાગૃહ, કોર્ટના મકાનો, શોપીંગ મોલ્સ , સિનેમા હોલ્સ , પુસ્તકાલયો, જાહેર પરિવહનનાં સાધનો , અને જ્યાં લોકો સમાન્ય રીતે જતાં હોય એવી ખુલ્લી જગ્યાઓ જેમકે ખુલ્લાં ઓડિટોરીયમ ,સ્ટેડિયમ,રેલ્વે સ્ટેશનો, બસ-સ્ટોપ અને એવા અન્ય સ્થળો.

આ કાયદાના સઘન 2જી ઓક્ટોબર (ગાંધી જયંતિ) ,૨૦૦૮ અમલીકરણ માટે જાહેર સ્થળે ધુમ્રપાન પર પ્રતિબંધના કાયદા ,૨૦૦૮- **The Gazette of India, Extraordinary, Part-II, Section-3,Sub-Section-I, New Delhi, May,30th** 2008 ના રોજ અધિસૂચના બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ,

૬૦સે.મી.

30 સે.મી




- તમામ જાહેર જગ્યાના માલિકો/વ્યવસ્થાપકોએ ઓછામાં ઓછુ ૬૦ સે.મી. x ૩૦સે.મી.નું સફેદ બેકગ્રાઉન્ડમાં ઉપર મુજબનું સાઇનેઝ બોર્ડ બનાવીને લગાડવાનું રહેશે.
- નો સ્મોકિંગનું ગોળાકાર ચિત્ર લાલ રંગમાં ઓછામાં ઓછા ૧૫ સે.મી. નો ગોળાકાર અને ૩ સે.મી.ની પહોળાઇમાં અને વચ્ચે કાળા રંગના ધુમાડા સાથે સિગારેટનું ચિત્ર હોવું જોઇએ.
- સાઇનેઝ બોર્ડમાં “ધુમ્રપાન પ્રતિબંધિત વિસ્તાર- અહિં ધુમ્રપાન કરવુ ગુનો બને છે” એવી ચેતવણી ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં દર્શાવવાની રહેશે.તેમજ જો કોઇ કાયદાનું ઉલંઘન કરે તો કોનો સંપર્ક કરવો તે વ્યક્તિનો હોદ્દો અને સંપર્ક નંબર લખવાનો રહેશે.

➢ આવુ બોર્ડ દરેક પ્રવેશ દ્વારે,દરેક માળે, દરેક દાદરે, લિફ્ટના દરવાજે તેમજ જાહેર સ્થળની અંદર સ્પષ્ટ રીતે નજરે પડે એવી જગ્યાએ મુકવું.

<u>કલમ 4 ના ભંગ બદલ:-</u>

**COTPA**-2003ની કલમ-૨૧ મુજબ કલમ-૪ના ભંગ બદલ રૂ.૨૦૦ સુધીનો દંડ થઇ શકે છે.

## <u>કલમ-૫ :- તમાકુની સીધી કે પરોક્ષ જાહેરાત પર પ્રતિબંધ</u>

- તમાકુની બનાવટોની તમામ પ્રચારની જાહેરાતો પ્રતિબંધિત છે , તેમાં પરોક્ષ રીતે તમાકુનો ઉપયોગ (સરોગેટ), બ્રાન્ડ સ્ટ્રેચીંગ, આકર્ષક યોજનાઓ, સ્પોન્સરશીપ, મફત સેમ્પલો તમામનો સમાવેશ થાય છે.
- તમાકુની બનાવટોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રોત્સાહન આપવાનું કે તેમનો ઉપયોગ કરવાનું સૂચવતી હોય એવી કોઇ જાહેરાતોમાં કોઇ ભાગ લેશે નહીં અને કોઇ આવી જાહેરાતો આપશે નહીં.
- તમાકુની બનાવટોનું વેચાણ કરતી દુકાનોમાં નીચે મુજબના બોર્ડ પ્રદર્શિત કરવાના થાય છે. કોઇ બ્રાન્ડ પેકેટ શોટ, બ્રાન્ડ નામ, પ્રચાર, સંદેશ અથવા ચિત્ર દર્શાવવાના નથી અને બોર્ડને પાછળથી પ્રકાશ આપીને કે અન્યથા ચમકાવવાનું નથી જેનો નિયત નમુનો નીચે મુજબ છે.




<u>આ ઉપરાંત નીચેની બાબતો સુનિશ્ચિત કરીને કાયદાનું પાલન કરવાનું રહેશે.</u>

- વેચાણ માટેની જાહેરાતના સ્થળે બે થી વધુ બોર્ડ ન રાખવા (વધુમાં વધુ ૬૦ સે.મી X ૪૫ સે.મી.)
- બોર્ડ પર આરોગ્યલક્ષી ચેતવણી 'તમાકુ મોત નોતરે છે ' પ્રદર્શિત કરવી , બોર્ડના મથાળે ૩૩ ટકા જેટલા ભાગમાં હોવા જોઇએ.
- બ્રાન્ડ પેકના શોટ, બ્રાન્ડનું નામ, વેચાણને ઉત્તેજન આપતા અન્ય સંદેશા અથવા ચિત્રો બોર્ડ પર પ્રદર્શિત ન કરવાં.

<u>કલમ-૫ ના ભંગ બદલ :</u>

-પ્રથમવાર ગુનો સબિત થાય ત્યારે : ૨ વર્ષની જેલ અથવા રૂ.૧૦૦૦/- સુધીનો દંડ અથવા બન્ને

-ત્યારબાદ પછીના ગુના સાબિત થાય ત્યારે : ૫ વર્ષ સુધીની જેલ અથવા રૂ.૫૦૦૦/- સુધીનો દંડ

## <u>કલમ-૬ (અ) :- ૧૮ વર્ષથી નીચેની વયની વ્યક્તિઓને તમાકુ કે તમાકુની બનાવટ વેચવા, આપવા કે વેચવા માટે આપવા પર પ્રતિબંધ.</u>

<u>**(The Gazette of India, Extraordinery,Part-II, Section-3, Sub-Section-1, New Delhi, February,25th,2004)**</u>

૧૮ વર્ષથી નીચેની વયની વ્યક્તિઓને તમાકુ કે તમાકુની બનાવટ - ઉત્પાદન , વેચાણ-ખરીદી કે ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે. જો દુકાનદારને શંકા હોય તો તે તમાકુ ખરીદવા આવનારની ઉંમરનો પુરાવો માંગી શકે છે.

કલમ-૬ (અ) મુજબ તમાકુ કે તમાકુની બનાવટનું વેચાણ થતુ હોય તેવી દુકાન, ગલ્લા કે અન્ય જગ્યાએ નીચે મુજબનું બોર્ડ લગાડવુ ફરજીયાત છે.

← ૬૦ સે.મી. →



તમાકુ મોત નોંતરે છે

૧૮ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિને તમાકુનું વેચાણ કરવું એ દંડનીય ગુનો છે.

↕ ૩૦ સે.મી.

તમાકુ વેચાણ થતી દરેક જગ્યા પર ૬૦ સેમી x ૩૦ સેમીની સાઇઝનુ બોર્ડ,તમાકુ વેચાણ થતી દરેક જગ્યા પર ૬૦ સેમી x ૩૦ સેમીની સાઇઝનુ બોર્ડ, જેના ૫૦ ટકા વિસ્તારમાં “૧૮ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિને તમાકુનુ વેચાણ એ દંડનીય ગુનો છે.” એવી ચેતવણી દર્શાવેલી હોય અને બીજી ૫૦ ટકા વિસ્તારમાં તમાકુના સેવનથી થતી આરોગ્ય પરની આડ અસરોનું સચિત્ર નિરુપણ હોય તે પ્રદર્શિત કરવાનું રહેશે. જે અંગે યોગ્ય પગલાં લઇ ઉપરોક્ત બાબતની અમલવારી કરાવવા જણાવવામાં આવે છે.

**કલમ ૬ (બ) :- <u>શૈક્ષણિક સંસ્થાઓની આસપાસના ૧૦૦ વારના વિસ્તારમાં તમાકુ કે તમાકુની બનાવટોનું વેચાણ કરવા પર પ્રતિબંધ.</u>**

<u>(The Gazette of India, Extraordinery,Part-II, Section-3, Sub-Section-1, New Delhi, September,1st 2004)</u>

. શૈક્ષણિક સંસ્થાઓના માલિક અથવા વ્યવસ્થાપકે બહારથી સરળતાથી જોઇ શકાય તેવી મુખ્ય જગ્યાએ નીચે પ્રમાણે બોર્ડ લગાડેલુ હોવુ જોઇએ. આ બોર્ડની સાઇઝ ૬૦ સે.મી. x ૩૦ સે.મી. રહેશે.

← ૬૦ સે.મી. →

આ શૈક્ષણિક સંસ્થા છે, આ સંસ્થાના ૧૦૦ વારના
વિસ્તારમાં તમાકુના વેચાણ પર સખત પ્રતિબંધ છે
અને તે દંડનીય અપરાધ છે.

↕ ૩૦ સે.મી.

આ ગણતરી શૈક્ષણિક સંસ્થાની બહારની સરહદથી ચારે દિશામાં ૧૦૦ વારની ત્રિજ્યાના ગણાશે.

આ બોર્ડ લગાવવાની જવાબદારી તેમજ કડક અમલીકરણ કરવાની જવાબદારી જે તે શૈક્ષણિક સંસ્થાના વડાની છે.

કલમ-૬ ના ભંગ બદલ:-

**COTPA**-2003ની કલમ-૨૪ મુજબ કલમ-૬(અ), (બ)ના ભંગ બદલ રૂ.૨૦૦ સુધીનો દંડ થઇ શકે છે.

## કલમ ૭ :- તમાકુની બનાવટની દરેક ચીજવસ્તુઓ પર ચિત્રાત્મક આરોગ્ય વિષયક ચેતવણી દર્શાવવી

**The Gujarat Government Gazette, Extraordinery,Part-IV-A Section-7, Sub-Section-2, Sachivalaya, Gandhinagar,April,5th 2016)**

આ ચેતવણીઓ તમાકુની બનાવટના પેકેટની બન્ને તરફ આગળ અને પાછળના ભાગની ૮૫% જગ્યા રોકતી હોવી જોઇએ. જેનો નિયત નમુનો નીચે મુજબ છે.




તેમજ સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૦૫/૦૪/૨૦૧૬ ના જાહેરનામાથી ગુજરાત રાજ્યમાં સિગારેટ તથા બીડીના છુટક વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે

કલમ ૭ ના ભંગ બદલ:-

ઉત્પાદકોને

-પ્રથમવાર ગુનો સબિત થાય ત્યારે : ૨ વર્ષની જેલ અથવા રૂ.૫૦૦૦/- સુધીનો દંડ અથવા બન્ને

-ત્યારબાદ પછીના ગુના સાબિત થાય ત્યારે : ૫ વર્ષ સુધીની જેલ અથવા રૂ.૧૦૦૦૦/- સુધીનો દંડ

- વેપારીઓ અને વિતરકોને

-પ્રથમવાર ગુનો સબિત થાય ત્યારે : ૧ વર્ષની જેલ અથવા રૂ.૧૦૦૦/- સુધીનો દંડ અથવા બન્ને

-ત્યારબાદ પછીના ગુના સાબિત થાય ત્યારે : ૨ વર્ષ સુધીની જેલ અથવા રૂ.૩૦૦૦/- સુધીનો દંડ

### COTPA-2003 ના ભંગ બદલ વસુલ કરેલ દંડ જમા કરાવવા માટે :-

COTPA-2003 ની જુદી જુદી કલમો હેઠળ તમમ અધિકારીશ્રીઓને દંડ વસૂલ લેવા માટેની જોગવાઇ કરવામાં આવી છે અને તેની હાલમાં સરકારશ્રીના જે તે વિભાગ દ્વારા નિયત થયેલ રસીદ આપી બીજા દિવસે પેટી કેશબુકમાં આપેલ રસીદોની રકમ જમા લઇ નિયત ચલણમાં સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયામાં જમા કરાવવાની રહે છે.

વસુલ કરેલ દંડ સરકારશ્રીમા6 જમા કરવવા માટે ગુજરાત સરકારના નાણાં વિભાગનાં તા.૧૬/૦૯/૨૦૦૮ ના પત્ર ક્રમાંક : ONS/102008/O-3061/K તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક :પીએફએ/૧૦૨૦૦૮/જીઓઆઇ/૨૪/ઝ,તા.૨૩/૦૯/૨૦૦૮માં જણાવ્યા મુજબ નીચે જણાવેલ સદરે જમા કરાવવાનો રહેશે:

ડીમાન્ડ/એપ્રૂવ્ડ નં : રીસીપ્ટના મથાળા અન્વયે ડીમાન્ડ નબરની જરૂર નથી.
મુખ્ય સદર : ૦૨૧૦-તબીબી અને જાહેર આરોગ્ય
પેટા મુખ્ય સદર : ૦૪-જાહેર આરોગ્ય
ગૌણ સદર : ૧૦૪-ફી અને દંડ વગેરે
પેટા સદર : (03)- સિગારેટ અને અન્ય ઉત્પાદન (જાહેરાત અને વેપાર તથા વાણિજ્ય ,
ઉત્પાદન,પુરવઠો અને વિતરણ નિયમન) ધારો-૨૦03 હેઠળ દંડ

**COTPA-2003** ની કલમ ૧૨(૧) થી રાજ્ય સરકારના પોલીસ સબ ઈન્સપેક્ટર અને ઉપરના દરજ્જાના તમામ અધિકારીઓને આ કાયદાની કાર્યવાહી કરવાના અધિકાર અપાયેલ છે.

**COTPA-2003** ની કલમ-૨૭ મુજબ કાયદા હેઠળના તમામ ગુના જામીન લાયક છે.

**COTPA-2003** ની કલમ-૨૮ મુજબ સક્ષમ અધિકારી સમક્ષ કલમ-૪ અને કલમ-૬ ના ગુના સમાધાનને લાયક છે. જે રૂ. ૨૦૦/- સુધીના દંડ વસુલીને પાત્ર છે.

આ અંગે વિગતવારની માહિતી માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને નોડલ ઓફિસર(ટોબેકો કંટ્રોલ) ડિસ્ટ્રીક્ટ ટોબેકો કંટ્રોલ સેલ, બીજો માળ, બ્લોક નંબર-૯, જિલ્લા સેવા સદન, તાપીનો સંપર્ક કરવો.